# ખેલ ખેલ રે ભવાની માઁ, જય જય અંબે માઁ

ખેલ ખેલ રે ભવાની માઁ, જય જય અંબે માઁ

મારી અંબા માને કાજે રે જય જય અંબે માઁ
બાળી બહુચરના કાજે રે જય જય અંબે માઁ

મારી બુટભવાની માઁને કાજે રે જય જય અંબે માઁ
કાળી કાળકા માઁને કાજે રે જય જય અંબે માઁ

માઁનાં નોરતા આવ્યા રે જય જય અંબે માઁ
સહુ ગોરીના મનને ભાવ્યા રે જય જય અંબે માઁ

ઘેર ઘેર ગરબા ગાયે રે જય જય અંબે માઁ
ચાચર ચાંદનીઓ બંધાયે રે જય જય અંબે માઁ

તેમાં શોભા ઘણી થાયે રે જય જય અંબે માઁ
માને સેવક ચાચર લાવે રે જય જય અંબે માઁ

ગુજરાત સહાય www.gujaratsahay.com

માજી ચાચર રમવા આવે રે જય જય અંબે માઁ
માજી શણગાર સજી આવે રે જય જય અંબે માઁ

માજી સહાય તેને કોણ ચાખે રે જય જય અંબે માઁ
તેના વિઘ્ન માજી કાપે રે જય જય અંબે માઁ

તેને સુખ શાંતિ મા આપે રે જય જય અંબે માઁ
તેને વૈકુંઠ વાસ આપે રે જય જય અંબે માઁ

ખેલ ખેલ રે ભવાની માઁ, જય જય અંબે માઁ (૨)

www.gujaratsahay.com

2

# પેથલપુરમાં પાવો વાગ્યોને ગરબા ગીત

હે પેથલપુરમાં પાવો વાગ્યોને મારો સુતો સોણલડો,
જાગ્યો જવાન લાલ ભમ્મરિયા, રે લાલ ભમ્મરિયા (૨)

હે નેહડો લગાવી હાલ્યો તું મુંબઇ, મુંબઇ મોટું શહેર,
હો.. હો.. , હો.. હો.. હો..
હે તારા વિજોગે અહીં અમે ઝુરતા ને ત્યાં તું કરતો લહેર
અલ્યા ઝાઝું રોકાજે ના આજ જવાન લાલ ભમ્મરિયા,
હો.. ઝાઝું ના બોલજે આજે કે દલડું દાઝે દાઝે રે લાલ

હે તારાથી નેણલો લાગ્યો, લાગ્યો રે રંગ હૈયે કસુંબલ,
જાગ્યો જાગ્યો રે લાલ ભમ્મરિયા રે લાલ ભમ્મરિયા,
ભમ્મરિયા લાલ લાલ ભમ્મરિયા...

ગુજરાત સહાય www.gujaratsahay.com

હે ..ઇ રે પાવાનાં સૂર સુણતા રે તારી વાંહે રે જીવડો રેલ,
કેટલાંય ભાઇબંધની હારે કેવડારો તું ને સંદેશો રે.
હે આવી હું દોડી દોડી કે ઘરબાર છોડી જવાન લાલ,
ભમ્મરિયા રે લાલ ભમ્મરિયા, ભમ્મરિયા રે લાલ ભમ્મરિયા. (૨)

ઓરે બાર બાર મહિના જાગી વીતાવજે જો જો તું વાટડી રે,
હે વાલમ તારા વિના થાશે હવે વેરણ રાતડી રે

હો જોડિને રોકાયા વ્હાલા નથી જાવું વ્હાલા જવાન લાલ.
પેથલપુરમાં પાવો વાગ્યોને મારો સુતો સોણલડો,
ભમ્મરિયા રે લાલ ભમ્મરિયા, ભમ્મરિયા રે લાલ ભમ્મરિયા.

www.gujaratsahay.com

# ઢોલીડા ઢોલ ધીમો વગાડ મા

ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ મા, ધીમો વગાડ મા
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના (૨)

ધ્રૂજે ના ધરણી તો રમઝટ કહેવાય ના, રમઝટ કહેવાય ના (૨)
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના (૨)

ઢોલીડા, ઢોલીડા, ઢોલીડા
ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ મા, ધીમો વગાડ મા
ધીમો વગાડ મા, ધીમો વગાડ મા

હો.....ચમકંતી ચાલ માને ઘૂઘરી ઘમકાર
નેપુરના નાદ સાથે તાળીઓના તાલ (૨)

ગરબામાં ઘૂમતા માંને કોઈથી પહોંચાયના, કોઈથી પહોંચાય ના (૨)
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના (૨)

www.gujaratsahay.com

ઢોલીડા, ઢોલીડા, ઢોલીડા
ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ મા, ધીમો વગાડ મા
ધીમો વગાડ મા, ધીમો વગાડ મા

હો.....સોળે શણગાર સજી, અવની પર આજ
રમવાને રાસ આવ્યા અલબેલી માત (૨)

નીરખું નીરખુંને મારું મનડું ધરાય ના, મનડું ધરાય ના (૨)
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના (૨)

ઢોલીડા, ઢોલીડા, ઢોલીડા
ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ મા, ધીમો વગાડ મા
ધીમો વગાડ મા, ધીમો વગાડ મા

હો.....વાંકડિયા વાળ શોભે, કેશ ઘણા
મોગરાની વેણીમાં ચંપા બે ચાર (૨)

www.gujaratsahay.com

આછી આછી ઓઢણીમાં રૂપ માંનુ માય ના, રૂપ માંનુ માય ના (૨)
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના (૨)

ઢોલીડા, ઢોલીડા, ઢોલીડા
ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ મા, ધીમો વગાડ મા
ધીમો વગાડ મા, ધીમો વગાડ મા

ઉમટ્યા સૌ લોક આજ ગબ્બરના ગોખ
મોતી વેરાણા રૂડા ચાકરના ચોક (૨)

વીણું વીણું ને મારી છાબડીમાં માય ના, છાબડીમાં માય ના (૨)
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના (૨)

ધ્રૂજે ના ધરણી તો રમઝટ કહેવાય ના, રમઝટ કહેવાય ના (૨)
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના (૨)

ઢોલીડા, ઢોલીડા, ઢોલીડા ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ મા, ધીમો વગાડ મા ધીમો વગાડ મા, ધીમો વગાડ મા

ગુજરાત સહાય
www.gujaratsahay.com

# જીવણજી નઇ રે જવા દઉં આજ ગરબા ગીત

જીવણજી નઇ રે જવા દઉં આજ,
વનમાં રાતલડી રાખું રે... (૨)

કે મારી નથડીનો શણગાર,
મારા રૂદીયામાં માં રાખું રે,

કે મારી ટીલડીનો શણગાર,
મારા હૈયામાં રાખું રે,
જીવણજી નઇ રે જવા દઉં ...

કે મારા ચૂડલાનો શણગાર,
મારા રૂદીયામાં માં રાખું રે,

મારી બંગડીનો રણકાર,
મારા રૂદીયામાં માં રાખું રે,
જીવણજી નઇ રે જવા દઉં ...

ગુજરાત સહાય www.gujaratsahay.com

હે મારા કડલાનો શણગાર,
મારા રુદીયામાં માં રાખું રે,

કે મારી કોડિયોનો રણકાર,
મારા રુદીયામાં માં રાખું રે,

જીવણજી નઇ રે જવા દઉં આજ,
કે વનમાં રાતલડી રાખું રે...
જીવણજી નઇ રે જવા દઉં..

www.gujaratsahay.com

# ઊંચા નીચા રે માડી તારા ડુંગરા રે લોલ

ઊંચા નીચા રે માડી તારા ડુંગરા રે લોલ,
કે ડુંગર ઉપર ટહુકે ઝીણા મોર
કે ગરબે રમવા આવજો રે લોલ.
ઊંચા નીચા રે માડી તારા ડુંગરા રે લોલ,

પહેલી કંકોતરી રે પાવાગઢ મોકલો રે લોલ,
કે દેજો મારી કાળકા માને હાથ
કે ગરબે રમવા આવજો રે લોલ.
ઊંચા નીચા રે માડી તારા ડુંગરા રે લોલ,

બીજી કંકોતરી રે આરાસુર મોકલો રે લોલ,
કે દેજો મારી અંબા માને હાથ
કે ગરબે રમવા આવજો રે લોલ.
ઊંચા નીચા રે માડી તારા ડુંગરા રે લોલ,

ત્રીજી કંકોતરી રે શંખલપુર મોકલો રે લોલ,
કે દેજો મારી બહુચર માને હાથ
કે ગરબે રમવા આવજો રે લોલ.
ઊંચા નીચા રે માડી તારા ડુંગરા રે લોલ,

ચોથી કંકોતરી રે ચોટીલા મોકલ્યો રે લોલ,
કે દેજો મારી ચામુંડમાને હાથ
કે ગરબે રમવા આવજો રે લોલ.
ઊંચા નીચા રે માડી તારા ડુંગરા રે લોલ,

પાંચમી કંકોતરી રે ગળધરા મોકલ્યો રે લોલ,
કે દેજો મારી ખોડીયારમાને હાથ
કે ગરબે રમવા આવજો રે લોલ.
ઊંચા નીચા રે માડી તારા ડુંગરા રે લોલ,

ઊંચા નીચા રે માડી તારા ડુંગરા રે લોલ,
કે ડુંગર ઉપર ટહુકે ઝીણા મોર
કે ગરબે રમવા આવજો રે લોલ.
ઊંચા નીચા રે માડી તારા ડુંગરા રે લોલ,

ગુજરાત સહાય
www.gujaratsahay.com

# ગઢ ચોટીલે રમે ચામુંડ માઁ

હે તારો ગઢ રે ચોટીલો બતાવ મોરી માઁ
ગઢ ચોટીલે રમે ચામુંડ માઁ (૩)

માડી ની પારે વાંજીયા રે આવે (૨)
હે માડી ની પારે વાંજીયા રે આવે
માડી ની પારે વાંજીયા રે આવે

હે વાંજીયા ને પારણાં બંધાવે મોરી માઁ
ગઢ ચોટીલે રમે ચામુંડ માઁ (૩)

માડી ની પારે આંધળા રે આવે (૨)
હે માડી ની પારે આંધળા રે આવે
માડી ની પારે આંધળા રે આવે

ગુજરાત સહાય www.gujaratsahay.com

હે આંધળા ને આંખ્યુ આપે મોરી માઁ
ગઢ ચોટીલે રમે ચામુંડ માઁ (૩)

હે તારો ગઢ રે ચોટીલો બતાવ મોરી માઁ
ગઢ ચોટીલે રમે ચામુંડ માઁ
ઓ...ગઢ ચોટીલે રમે ચામુંડ માઁ ||

ગુજરાત સહાય www.gujaratsahay.com

# ગોરી રાધા ને કાળો કાન ગરબા ગીત

થનગનતો આ મોરલો, એની પરદેશી છે ઢેલ,
ખમ્મા રે વાલમજી મારા, ખરો કરાવ્યો મેળ,
રે.... ખરો કરાવ્યો મેળ,

ગોરી રાધા ને કાળો કાન, ગરબે ઘૂમે ભૂલી ભાન. (૨)

રાધા નું રૂપ છે , કાનુડાની પ્રીત છે, જગની રીત નું શું કામ, (૨)
આખો માંડી ને જુએ ગામ...

હે , ગોરી રાધા ને કાળો કાન, ગરબે ઘૂમે ભૂલી ભાન. (૨)

પશ્ચિમ ના રાધારાણી, પૂરબ નો કાનુડો,
કેવી આ હંસલા ની જોડ રે...
નવરંગી રાતું માં રુમેઝુમે બેલડી ને ,
ખાટા મીઠા એના બોર રે. (૨)

ગુજરાત સહાય
www.gujaratsahay.com

રાધાનું તનડું નાચે મનડું નાચે,
કાન્હા ની મોરલી ,
ભુલાવે જોને સહુના ભાન,
ગોરી રાધા ને કાળો કાન, ગરબે ઘૂમે ભૂલી ભાન. (૨)

ગોરી રાધા ને કાળો કાન, ગરબે ઘૂમે ભૂલી ભાન. (૨)

રાધા નું રૂપ છે , કાનુડાની પ્રીત છે, જગની રીત નું શું કામ, (૨)
આખો માંડી ને જુએ ગામ...
હે કાન્હા, કાન્હા ,
હૈ રંગે ચંગે જુવાન હૈયા
રંગ જમાવે મનગમતા
હે ફેર ફરન્તા ઘેર ઘુમન્તા
જોબનવંતા થનગનતાં
જીરે થનગનતાં
હે છમ છમ કરતા તારલિયા આ
નવલી રાતે ચમકંતા
હૈ ખેલ કરંતા સહેલ કરંતા
રાસ રમંતાં ખેલંદા જી રે (૨)

ગુજરાત સહાય
www.gujaratsahay.com

# ખોડિયાર છે જોગમાયા રે

ખોડિયાર છે જોગમાયા રે,
માઁ મૈયા ની ખોડિયાર છે જોગમાયા
રાજપરે માઁ ખોડિયાર બિરાજતા
એ... આનંદ ઘણેરો થાય રે... માઁ મૈયા... ખોડિયાર

માજીની પારે માનતાઓ આવે,
એ... ઘી લાપસીનાં ખાણાં રે... માઁ મૈયા... ખોડિયાર

માજીની પારે વાંજીયાઓ આવે,
એ... હેતે હાલરડાં ગવડાવે રે... માઁ મૈયા... ખોડિયાર

માજીની પારે આંધળાઓ આવે,
એ... આંધળા ને આંખ માઁ દેતા રે... માઁ મૈયા... ખોડિયાર

ગુજરાત સહાય www.gujaratsahay.com

માજીની પારે પાંગળાઓ આવે,
એ... પાંગળા ને પગ માઁ દેતા રે... માઁ મૈયા... ખોડિયાર

ચૂંદડી ને મોરીઓ હાથોહાથ લીધાં,
એ...એવા અનેક પરચા દીધા રે... માઁ મૈયા... ખોડિયાર

નમી નમીને પાયે લાગુ આઠે પહોરમાં,
એ... ભક્તો તમારા ગુણ ગાવે રે... માઁ મૈયા... ખોડિયાર

પ્રેમ મહી સંસારમાં, અનેક તને મળનારા,
માઁ વિના જગ માં કોઈ નથી, અજબ પ્રેમ કરનારા

www.gujaratsahay.com

# માઁ ગબ્બર વાળી તારા ભજન ની મને ધૂન લાગી

તારા ભજન ની મને ધૂન લાગી,
માઁ ગબ્બર વાળી તારા ભજન ની મને ધૂન લાગી
ધૂન લાગી રે અંબા ધૂન લાગી ... માઁ ગબ્બર વાળી

તારું હસતું મુખડું જોઉં છું,
મારા હૈયા ની સાનભાન ખોઉં છું,
ગુણ તાળી પાડીને હું ગાઉં છું ... માઁ ગબ્બર વાળી

લાલ ચૂંદડી ની શોભા છે ન્યારી,
એમાં આભલાંની શોભા ભારી છે,
ભાલે ટીલડી ચિત્ત હરનારી છે ... માઁ ગબ્બર વાળી

અષ્ટ ભુજાએ હથિયાર ધર્યા છે,
વળી વાઘ પર આસાન કર્યા છે,
પગે કામ્બિને કંડલા ઝાંઝરીયા છે ... માઁ ગબ્બર વાળી

ગુજરાત સહાય www.gujaratsahay.com

એક આંખમાં માંની મમતા છે,
બીજી આંખમાં ધીરજ સમતા છે,
આંજળ કાજળીયા મનગમતા છે ... માઁ ગબ્બર વાળી

દેવો ગુણલાં ગાવા આવે છે,
સાથે વ્રજના લોકોને લાવે છે,
તારા ગુણલે ગગન ગજાવે છે ... માઁ ગબ્બર વાળી

સંગે નારદ વીણા વગાડે છે,
ડાક ડમરુ તાલ પુરાવે છે,
તારા ભક્તો ગરબા ગવડાવે છે ... માઁ ગબ્બર વાળી

www.gujaratsahay.com

# નાવડી પાર ઉતારો મારી

નાવડી પાર ઉતારો મારી, માવડી નાવડી પાર ઉતારો
આરાસુરની માડીને સમરું (૨)
સિંહે કરી સવારી... નાવડી..

પહેલા તે યુગ મા પાર્વતી કહેવાણા, શંકર ઘેર પટરાણી રે,
સિંહે કરી સવારી ભસ્માસુર માર્યો (૨)
જગમાં શાંતિ સ્થાપી રે ... નાવડી..

બીજા તે યુગ મા સીતાજી કહેવાણા, રામચંદ્ર ઘેર પટરાણી રે,
લંકાપતિ એવા રાવણ ને માર્યો (૨)
કહેવાણી જોગમાયા રે ... નાવડી..

ત્રીજા તે યુગ મા પાંચાલી કહેવાણા, પાંડવ ઘેર પટરાણી રે,
કૌરવ કુળ નો નાશ કર્યો માડી (૨)
કલ્યાણી તું કહેવાણી રે ... નાવડી..

ગુજરાત સહાય www.gujaratsahay.com

ચોથા તે યુગ મા તારામતી કહેવાણા, હરિશ્ચંદ્ર ઘેર પટરાણી રે,
સત્ય ને ખાતર તું વેંચાણી (૨)
જગમાં તું પૂજાણી રે ... નાવડી..

પાંચમા તે યુગ મા સાવિત્રી કહેવાણા, સત્યવાન ઘેર પટરાણી રે,
લેખ લખેલા તે મીટાવ્યા (૨)
વિધાત્રી તું કહેવાણી રે ... નાવડી..

છઠ્ઠા તે યુગ મા વીરબાઈ કહેવાણા, જલિયાણ ઘેર પટરાણી રે,
બ્રહ્માને તું તો દાનમા દેવાણી (૨)
જગમાં કીર્તિ ફેલાણી રે ... નાવડી..

સાતમા તે યુગ મા કસ્તુરબા કહેવાણા, મોહન ઘેર પટરાણી રે,
દેશ ખાતર કારાગૃહ સેવ્યા (૨)
જગતમાં તું પૂજાણી રે ... નાવડી..

ગુજરાત સહાય www.gujaratsahay.com

# ઝૂલે ઝૂલે છે ગબ્બરની માત અંબા ઝૂલે છે

ઝૂલે ઝૂલે છે ગબ્બરની માત અંબા ઝૂલે છે
એને ઝૂલે તે ઝૂલવાની હોંશ ઘણી
ભક્તો ઝુલાવે ખમ્મા માઁ ખમ્મા કહી
ભક્ત ગાયે ને ખુશી થાય અંબા ઝૂલે છે... ઝૂલે

માને દરવાજે નોબત ગડગડે
વળી શરણાઈ ના સુર સાથે ભળે
રાસ મસ્તીના સૂરો સંભળાય અંબા ઝૂલે છે... ઝૂલે

માએ સોળે શણગાર અંગે ધર્યા
ભાલે કેસર કુમકુમ ના અર્ચન કર્યા
હાથે ખડગ ત્રિશુલ સોહાય અંબા ઝૂલે છે... ઝૂલે

માને તેજે ભાનુદેવ ઝાંખા પડે
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ જેવા ભજે
માંની દેવો સૌ આરતી ગાય અંબા ઝૂલે છે... ઝૂલે

ગુજરાત સહાય
www.gujaratsahay.com

માડી ચાલે ત્યાં કુમકુમના પગલાં પડે
માડી બોલે ત્યાં મુખડે થી ફૂલડાં ઝરે
કરવા દર્શન સૌ બન્યા છે બેભાન અંબા ઝૂલે છે… ઝૂલે

માંના સોના હિંડોળે રત્ન જડ્યા
માએ સાચા મોતીના તોરણ બાંધ્યા
મહી ઝળકે છે જ્યોત અપાર અંબા ઝૂલે છે… ઝૂલે

આજ શોભા આરાસુરની નવલી બની
આવો આવો સૌ નરનારી સાથે મળી
ગરબો ગાયે ને માઁ ખુશ થાય અંબા ઝૂલે છે… ઝૂલે

ઝૂલે ઝૂલે છે ગબ્બરની માત અંબા ઝૂલે છે… ઝૂલે

www.gujaratsahay.com